ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



જો..., આ દેશી નુડલ્સ... ખાઉ તો ખરી પરંતુ, જમણુ નસ્કોરું બંધ કરી... ડાબા નસ્કોરાથી નૂડલ્સ અંદર લેવા... એવું હુ નહીં માનું...!!

# ગાંધીનગરમાં બસપા દ્વારા શ્રધ્ધાંજલી સભા યોજાઈ

ગાંધીનગર તા.૬

ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકરની ૫૯મી પૂણ્યતિથી નિમિતે બહુજન સમાજ પાર્ટી દ્વારા ગાંધીનગર શહેરના સે.૬ સત્યાગ્રહ છાવણી ખાતે શ્રધ્ધાંજલી સભાનું આયોજન કરાવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત પાર્ટીના આગેવાનોએ બાબા સાહેબની કાર્ય પ્રણાલીને યાદ કરી સમાજમાં તેમના યોગદાન વિશે કાર્યકરોને જાણકારી આપી હતી. સભા બાદ સત્યાગ્રહ છાવણીથી રેલી સ્વરુપે કાર્યકરો વિધાનસભા સામે આવેલ બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી. આ રેલીમાં રાજયભરમાંથી બહુજન સમાજ પાર્ટીના કાર્યકર્તાઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની ૫૯મી પૂણ્યતિથી નિમિતે બહુજન સમાજ પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા ગાંધીનગર સેકટર-૬ સત્યાગ્રહ ખાતે શ્રધ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પાર્ટીના આગેવાનો હાજર કાર્યકરોને બાબા સાહેબે દેશના શોષિત,પિડીત,દલિત,પછાત,ધાર્મિક અલ્પસંખ્યક સમાજના ઉધ્ધાર માટે કરેલા કાર્યની માહિતિ આપી હતી. જયારે કાર્યકરોને આગામી વિધાનસભાની ચુંટણી બહુજન સમાજ પાર્ટી ગુજરાતમાં લડવાની છે. આગામી સમયમાં આવનારી શહેરની મહાનગર પાલિકાની ચુંટણી માટે સજ્જ થવા જણાવ્યું હતું. જયારે તાજેતરમાં યોજાઈ ગયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં બહુજન પાર્ટીએ રાજયમાં સારા એવા મત મેળવ્યા છે. રાજય સરકારની જનવિરોધી નિતિઓનો પણ વિરોધ કર્યો હતો. જેમાં મોંઘવારી અને ફિકસ પગાર નાબુદ કરો, રાજયમાં નશાબંધીનો કડક અમલ કરો, ગેર કાનુની ટોલટેક્ષ બંધ કરો, આરોગ્યની સેવામાં પુરતા સ્ટાફ ભરવા સહિતના મુદાની ચર્ચા કરવામાં આવી હતી. સભા સ્થળેથી મોટી સંખ્યામાં કાર્યકરો રેલી સ્વરુપે શહેરના માર્ગ પરથી પસાર થઈ વિધાનસભા સામે આવેલી બાબા સાહેબની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કરી હતી.આ પ્રસંગે બહુજન પાર્ટીના ગુજરાત પ્રભારી છટ્ટુરામજી, મુનશીલાલ જયન્ત, ભગુભાઈ પરમાર, બચુભાઈ પટેલ પ્રદેશઅધ્યક્ષ ગુજરાત તેમજ પૂર્વ મહાસચિવ ત્રિભોવનભાઈ વાઘેલા,ગાંધીનગર જિલ્લા પ્રમુખ પ્રવીણભાઈ વાઘેલા, મહામંત્રી ચિરાગ પરીખ સહિત મોટી સંખ્યામાં રાજય ભરમાંથી કાર્યકરો હાજર રહ્યા હતા.





## ખૂણે ખાંચરેથી...

- આગામી ૨૧-૨૨ જાન્યુઆરીના રોજ દેશના તમામ રાજયોના વિધાનસભાના અધ્યક્ષોની કોન્ફરન્સ ગાંધીનગર ખાતે યોજાશે.
- આજે સઘન મતદાર સુધારણા કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં મુકાયેલ નિરીક્ષક ડૉ. વિનોદ રાવ, જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, અધિક મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી માણેક સહિતના ઉચ્ચ અધિકારીઓ ગાંધીનગર અને કલોલ વિસ્તારના બુથો પર ગયા હતા.
- આજે પુસ્તક પરબમાં સરકારી શાળાના બાળકો ખુબ મોટી સંખ્યામાં જોડાયા હતા.
- ગાંધીનગર જિલ્લામાં ૮મી ડિસેમ્બર સુધી લગ્નસરાની ભારે મોસમ છે. આ પછી ૧૨મીથી પુનઃ લગ્નોની મોસમ શરૂ થશે.
- ગાંધીનગરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને ૬૬ હજાર મત કોંગ્રેસ કરતાં ઓછા મળ્યા છે.
- ગાંધીનગર શહેરમાં જાહેર માર્ગોની સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો ઉઠી રહી છે.

# ગાંધીનગર સિવિલમાં કેટલીક ગંભીર બિમારીના નિષ્ણાંત તબીબોની અછત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. પરંતુ જિલ્લામાંથી આવતા દર્દીઓમાંથી કેટલાક દર્દીઓ ગંભીર બિમારીવાળા હોય છે. આવા ગંભીર બિમારીવાળા દર્દીને અમદાવાદ ખાતે સારવાર માટે મોકલવામાં આવે છે. કારણ કે શહેરની સિવિલમાં કેટલાક ગંભીર રોગના નિષ્ણાંત તબીબો ન હોવાથી આ પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે સિવિલમાં પણ ગંભીર રોગના નિષ્ણાંત તબીબોની ભરતી કરવામાં આવે તેવી માંગ જાગૃત નાગરીકો કરી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મેડીકલ કોલેજ બનતા જિલ્લાવાસીઓ માટે લાભદાયક છે. જિલ્લામાંથી વિવિધ રોગના નિદાન માટે હજ્જારો દર્દીઓ સિવિલમાં આવતા હોય છે. પરંતુ આધુનીક સિવિલમાં પણ કેટલીક ગંભીર બિમારીનું નિદાન કરાવવા માટે દર્દીઓ આવતા હોય છે. પરંતુ નિષ્ણાંત તબીબ ન હોવાથી તેઓને તંત્ર દ્વારા અમદાવાદ સિવિલ જવાનું કહેવામાં આવે છે.

જ્યારે સિવિલ અત્યંત આધુનીક બની હોવા છતાં ગંભીર રોગના નિષ્ણાંતો તબીબો ન હોવાથી અમદાવાદ સુધી દર્દીઓને લાંબા થવું પડે છે તેવી પરિસ્થિતિમાં શહેરની સિવિલમાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરોની ભરતી કરવામાં આવે તો જિલ્લાવાસીઓ માટે આશિર્વાદ સમાન બની રહેશે. શહેરના જાગૃત નાગરીકોએ તંત્રને નિષ્ણાંત તબીબોની ભરતી કરવા માટે માંગ કરી છે. જો તંત્ર દ્વારા નિષ્ણાંત ડૉક્ટરોની ભરતી કરાશે તો જિલ્લાવાસીઓને ગાંધીનગરમાં જ ગંભીર રોગની સારવાર મળી રહેશે.



# ગાંધીનગરમાં વર્લ્ડ ઈસ્લામીક સ્પિરિચ્યુઅલ સમીટ અને સુન્ની કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા. ૬

ઓલ ઈન્ડિયા ઉલ્લમા માશેખ બોર્ડ (એઆઈયુએમબી)ના ઉપક્રમે સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે વર્લ્ડ ઈસ્લામીક સ્પિરિચ્યુઅલ સમીટ અને ઈન્ટરનેશનલ સુન્ની કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં એઆઈયુએમબીના પ્રમુખ હૂજુર અશરફ મિલાત સઈદ મોહમદ અશરફ અને મોલાના સઈદ આલમગીર અશરફ સહિતના મુસ્લીમ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

આ ઈન્ટરનેશનલ સુન્ની કોન્ફરન્સના મુખ્ય મહેમાન અને મુખ્ય વક્તા તરીકે મહોમદ અશરફે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કેટલાક લોકો આ દુનિયામાં ઈસ્લામ ધર્મના નામે આતંકવાદી પ્રવૃત્તિઓ ફેલાવી રહ્યા છે. તે કોઈ મુસ્લીમ ધર્મના સાચા અનુયાયીઓ નથી તે વહાબીઓની એક જમાત છે. જે સમાજમાં ઈસ્લામના નામે ગંદકી ફેલાવી રહ્યા છે. અને નિર્દોષ નાગરિકોને મોતને ઘાટ ઉતારી રહ્યા છે. ત્યારે અમારી આ સંસ્થા તેનો સખત વિરોધ કરી રહી છે. વિશ્વમાં ઈસ્લામ ધર્મના નેજા હેઠળ વારંવાર આતંકવાદ ફેલાવનાર વહાબીઓ મુસ્લીમ ધર્મ સહિત તમામ લોકોને ગુમરાહ કરી ગેર માર્ગે દોરી રહ્યા છે. તો હવે ધર્મના માર્ગે જ જઈ સાચી જાગૃતતા ફેલાવી ઘરનો કચરો સાફ કરવાનો સમય આવી ગયો છે તેમ જણાવ્યું હતું.

વધુમાં વર્તમાન સમયે માનવ વિરોધી વિચારધારાના વિરૂદ્ધમાં તમામે એકજુટ થઈ સંઘર્ષ કરવો જોઈએ તે આપણી સામાજિક અને ધાર્મિક જવાબદારી છે.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્ર, રાજકોટ, અમદાવાદ, ઉત્તર ગુજરાત, દિલ્હી સહિતના સ્થળોએથી મોટી સંખ્યામાં મુસ્લીમો જોડાયા હતા. આગામી માર્ચ માસમાં દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય સૂફી સંમેલન યોજાનાર છે. જેમાં ૪૦ જેટલા દેશોના પ્રતિનિધિઓ હાજર રહેશે.




## ગુજરાતમાં ત્રીજો વિકલ્પ આપીશું : એએપીનો મત

છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં પોતાના સંગઠનને મજબુત બનાવવાના કામમાં લાગેલી આમ આદમી પાર્ટએ આજે નવા નરોડાના મેવાડા ફાર્મ ખાતે એક કાર્યકર્તા સમેલનનું આયોજન કર્યુ હતું. સમ્મેલનમાં પાર્ટીના આસુતોષ, સંજયસિંહ, દિલીપ પાંડે, દીપક વાજપાઈ અને ગુલાબસિંહ યાદવ જેવા પક્ષના રાષ્ટ્રીય નેતાઓ ઉપસ્થિત રહેશે. જો કે સંમેલન પહેલા કનુ કળસરિયા સહિતના નેતાઓ પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી જેમાં આ નેતાઓ ભાજપ અને કોંગ્રેસ બંને પર આકરા પ્રહારો કરીને ૨૦૧૭માં ગુજરાતની જાતને ત્રીજો વિકલ્પ આપવાની જાહેરાત કરી હતી.

# આગામી વર્ષની વાર્ષિક યોજનાના ઘડતરની કવાયત આરંભાઈ

ગાંધીનગર, તા. ૬

રાજ્યના આયોજન વિભાગ દ્વારા આગામી વર્ષની વાર્ષિક યોજનાના ઘડતર માટેની કવાયત આરંભી દીધી છે. અને આગામી ૧૫મી ડિસેમ્બર બાદ વિભાગો સાથે બેઠકોનો દોર શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આયોજન પ્રભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા અંદાજપત્ર સત્ર મળવાને આડે હવે માત્ર અઢી મહીના જેટલો જ સમય બાકી રહ્યો છે. ત્યારે નાણા વિભાગ દ્વારા આગામી વર્ષ માટે અંદાજપત્ર તૈયાર કરવા માટેની કવાયત અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે અને વિભાગો પાસેથી આવક જાવકના અંદાજો પણ મંગાવવામાં આવ્યા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તમામ વિભાગોને તેમની વર્તમાન યોજનાઓ ઉપરાંત આગામી બજેટમાં જો કોઈ નવી યોજનાઓ દાખલ કરવા માંગતા હોઈ તો આ માટેની દરખાસ્તો તૈયાર કરીને મોકલી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૧૫મી ડિસમ્બર બાદ વિભાગો સાથે બેઠકોનો દોર શરૂ કરવામાં આવશે અને તેમાં આયોજન અને આયોજન બહારની યોજનાઓ અંગેની ચર્ચા વિચારણા કરીને કેટલી નવી યોજનાઓ દાખલ કરવી તેમજ આગામી વર્ષની વાર્ષિક યોજનાનું કદ કેટલુ રાખવુ તે ચર્ચા વિચારણા કરીને નક્કી કરવામાં આવશે.

# માણસાના મંડાલીમાં બંધ મકાનમાંથી ૧.૮ લાખની ચોરી

ગાંધીનગર, તા. ૬

માણસાના મંડાલી ખાતે બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ રૂ. ૧.૮ લાખ મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે માણસા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકાના મંડાલી ખાતે ક્રિષ્નાનગર બંગ્લોઝ મકાન નં. ૬૧માં અમરતભાઈ કેશવલાલ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. અને એક અઠવાડિયા અગાઉ વિજાપુર ખાતે પોતાના દિકરાના ઘરે રહેવા ગયા હતા. આ દરમિયાન ગત રોજ મંડાલી લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવ્યા હતા અને બાદમાં પોતાના ઘરે ગયા હતા. જ્યાં મકાનના તાળા તુટેલી હાલતમાં જોવા મળ્યા હતા. આથી શંકા જતા તપાસ કરી હતી. જેમાં તિજોરીમાં રહેલી રોકડ અને દાગીના ભરેલી બેગ ગુમ થઈ ગઈ હતી. અંદાજે રૂ. ૧.૮ લાખના મુદ્દામાલની ચોરી અંગે માણસા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

# મત્સ્યોદ્યોગને લગતી પ્રવૃત્તિઓ ઉદ્યોગો હેઠળ આવરી લેવા વિચારણા

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં મત્સ્યોદ્યોગને લગતી પ્રવૃત્તિઓને ઉદ્યોગ વિભાગ હેઠળ આવરી લેવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

કૃષિ અને સહકાર વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ વિભાગ દ્વારા રાજ્યમાં મત્સ્યોદ્યોગની કામગીરી અંગે એક પ્રેઝન્ટેશન સરકાર સમક્ષ રજુ કરવામાં આવ્યુ હતુ. જેમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વિકાસ આડે નડતી સમસ્યાઓ પણ રજુ કરવામાં આવી હતી.

વિભાગ દ્વારા રજુ કરવામાં આવેલ પ્રેઝન્ટેશનમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વિકાસમાં જે મુખ્ય સમસ્યાઓ નડે છે તેમાં રાજ્યમાં દરીયા કિનારાના વિસ્તારોમાં હાલમાં જ્યાં મત્સ્યોદ્યોગ વિકસ્યા છે ત્યાંથી દેશના અંતરીયાળ ભાગ સાથેના લીન્કીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓક્શન સ્પસ વિગેરેની સમસ્યાઓ છે. આ ઉપરાંત દરિયાઈ વિસ્તારોમાં જ્યાં મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિઓ ચાલે છે ત્યાં ડ્રેઝીંગની પણ એક સમસ્યા છે. દરીયાઈ વિસ્તારોમાં પ્રદૂષણ એ પણ એક સમસ્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ઈનલેડ ફીશીંગની કામગીરીમાં સુધારાને અવકાશ હોવાની બાબત ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. ઈનલેન્ડ ફીશીંગ ક્ષેત્રે અન્યો રાજ્યો કે જ્યાં દરીયાકિનારો નહિવત અથવા તો બિલકુલ નથી. તે રાજ્યોએ અખત્યાર કરેલ પદ્ધતિનો અભ્યાસ કરીને પણ ઈનલેન્ડ ફીશીંગની કામગીરીમાં સુધારો લાવી શકાય તેવું સૂચન કરવામાં આવ્યું હતું

રાજ્ય સરકારે ઉદ્યોગ વિભાગને રાજ્યમાં મત્સ્યોદ્યોગને લગતી પ્રવૃતિને ઉદ્યોગો હેઠળ આવરી લેવાની સૂચના આપવામાં આવતા આ અંગે ઉદ્યોગ વિભાગ શક્યતાદર્શી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

આ ઉપરાંત વેરાવળ કે જ્યાં મત્સ્યોદ્યોગ મોટા પ્રમાણમાં વિકસ્યો છે. તેને એક બંદર તરીકે પણ વિકસાવવામાં આવે તો મત્સ્યોદ્યોગ પેદાશોની વિકાસને વેગ આપી શકાય તેવું પણ સૂચન કરવામાં આવ્યું હતું.

# છેવાડાના માણસ પ્રતિ સહૃદયતાનો ભાવ કેળવીએ : રમણલાલ વોરા

અમદાવાદ, તા. ૬

બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણીના ઉપલક્ષ્યમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ ખાતે પુરા દિવસના રાજ્યકક્ષાના ગુજરાતી દલિત સાહિત્ય પરિસંવાદનો રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી રમણલાલ વોરાએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની તસવીર સમક્ષ દીપ પ્રાગટ્ય અને પુષ્પવર્ષાથી શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં ડૉ. બાબાસાહેબના અનન્ય રાષ્ટ્રપ્રેમ અને એક દલિત હોવાના કારણે એમણે જીવનભર જે વેઠવું પડ્યું એની મર્મસ્પર્શી વાત કરતાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ કહ્યું કે, ''અંગ્રેજોને આ દેશ છોડી જવાનું કહેનાર પણ ડૉ. બાબાસાહેબ જ હતા અને પૂના કરાર દરમિયાન દેશને બચાવવાનું કાર્ય પણ તેમના દ્વારા જ થયું હતું.''' મંત્રીશ્રીએ આજે યોજાયેલ દલિત સાહિત્ય પરિસંવાદ સાચા અર્થમાં આજના એમના નિર્વાણ દિને આપણા શ્રદ્ધાસુમન સમાન છે એમ જણાવી, સમાજના છેવાડાના માનવીઓ પ્રત્યેની સાચી અનુકંપા અને સહૃદયતાનો ભાવ ચોમેર પ્રસરી રહે એ જ ડૉ. બાબાસાહેબના વિચારોનું સાચુ અનુસરણ કહેવાશે એમ ઉમેર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જ્હાએ રાજ્યકક્ષાના દલિત કવિ સંમેલન બાદ આજે પુનઃ ગુજરાતી દલિત સાહિત્ય પરિસંવાદમાં સહભાગી બનવાનું સદભાગ્ય 'અકાદમી'ને પ્રાપ્ત થયું તે બદલ મંત્રીશ્રી સામાજિક ન્યાય પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી, આક્રોશ, તરોતાજાપણું વાસ્તવિકતા નિરૂપણ અને અદભુત કલ્પનોને કારણે દલિત સાહિત્ય એની આગવી આભા ઉભી કરે છે તેવો મત વ્યક્ત કર્યો હતો.



ઉદ્‌ઘાટન બાદ પ્રથમ બેઠક 'ગુજરાતી દલિત કવિતા' વિષય પર ડૉ. પથિક પરમારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં ડૉ. નિરવ પટેલ, ડૉ. ગિરીશ રોહિત, ડૉ. વિનોદ ગાંધી અને ડૉ. દિનુ ભદ્રેસરિયાએ વક્તવ્યો આપ્યા હતા. આ બેઠકનું સંચાલન ડૉ. ધીરજ વણકરે કર્યું હતું. જ્યારે બીજી બેઠક 'ગુજરાતી દલિત નવલકથા' વિષય પર શ્રી હરીશ મંગલમના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં ડૉ. મોહન પરમાર, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. કેશર મકવાણા અને ડૉ. હેતલ ગાંધીએ વક્તવ્યો આપ્યા હતા. આ બેઠકનું સંચાલન શ્રી નટુભાઈ પરમારે કર્યું હતું.

'ગુજરાતી દલિત વાર્તા' પર શ્રી પ્રવિણ ગઢવીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ત્રીજી બેઠકમાં ડૉ. રતિલાલ રોહિત, શ્રી અરવિંદ વેગડા, ડૉ. ગંગારામ મકવાણા અને ડૉ. કાન્તિ માલસતરે વક્તવ્યો આપ્યા હતા. આ બેઠકનું સંચાલન શ્રી સાહિલ પરમારે કર્યું હતું.

જ્યારે 'ગુજરાતી દલિત આત્મકથા' વિષય પર ડૉ. હાસ્યદા પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયેલી ચોથી બેઠકમાં સર્વશ્રી મણિલાલ શનવેરિયા, ડૉ. હરપાલ રાણા, ડૉ. આશા ગોહિલ અને ભી.ન. વણકરે વક્તવ્યો આપ્યા હતા. આ બેઠકનું સંચાલન શ્રી દિલીપ ચાવડાએ કર્યું હતું. પાંચમી બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિશે વિચાર વિમર્શ થયો હતો. જ્યારે 'ગુજરાતી દલિત સાહિત્યની પ્રસ્તુતતા' વિષય પરની સમાપન બેઠક શ્રી ચંદુભાઈ મહેરિયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં ડૉ. ધીરજ વણકર અને ડૉ. હર્ષદ પરમારે વક્તવ્યો આપ્યા હતા. આ બંને બેઠકોનું સંચાલન અનુક્રમે શ્રી રમણ વાઘેલા અને શ્રી રાઘવજી માધડે કર્યું હતું. ઉદ્‌ઘાટન કાર્યક્રમની આભારવિધિ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનના મહાનિયામક શ્રી સંજય પ્રસાદે કરી હતી.

# રાજ્યની નવી પ્રવાસન નીતિ અંતર્ગત પ્રવાસન ક્ષેત્રે રોકાણકારોને આકર્ષવા દેશના વિવિધ શહેરોમાં રોડ-શો

## મુંબઈ ખાતે પ્રથમ રોડ-શો ૮મી ડિસેમ્બરે યોજાશે

ગાંધીનગર, તા. ૬

રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન ક્ષેત્રે આંતરમાળખાકીય સુવિધાઓનો વ્યાપ વધે અને રોજગારીની વ્યાપક તકોનું નિર્માણ થાય તે આશયથી જાહેર કરેલી પ્રવાસન નીતિના પ્રચાર-પ્રસાર થાય અને ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે ખાનગી સહભાગીતા વધારવા અને રોકાણકારોને રોકાણ માટે આમંત્રિત કરવા પ્રવાસન વિભાગ દ્વારા ખાસ કરીને રાજ્ય તેમજ રાજ્ય બહાર રોડ શૉની એક ખાસ શૃંખલાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમ પ્રવાસન મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, મુંબઈ ખાતે આગામી ૮મી ડિસેમ્બરના રોજ યોજાનાર આ રોડ શોમાં વિવિધ હોટલ સંચાલકો-માલિકો, રીયલ એસ્ટેટ ડેવલપર્સ, ટુર ઓપરેટર્સ, એમ્યુઝમેન્ટ પાર્ક-વોટર પાર્ક ડેવલપર્સ, ગોલ્ડ કોર્સ ડેવલપર્સ, એડવેન્ચર્સ સ્પોર્ટસ અને ઓપરેટર્સને ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે રોકાણ કરવા પ્રેરિત કરાશે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલી પ્રવાસન નીતિ-૨૦૧૫-૨૦ વિષે રોકાણકારોને માહિતગાર પણ કરાશે. મુંબઈ સહિત અમદાવાદ, દિલ્હી, બેંગ્લોર, કોલકત્તા, હૈદરાબાદ જેવા શહેરોમાં વિવિધ રોડ-શૉનું આયોજન પણ આગામી સમયમાં કરાશે.

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે ખાસ કરીને ઈકો-ટુરીઝમ, બીચ-ટુરીઝમ, વોટર-સ્પોર્ટસ હેરીટેજ ટુરીઝમ ક્ષેત્રે રોકાણની અપાર સંભાવનાઓ રહેલી છે. આ માટેની જુદી જુદી ઈકો-ટુરીઝમ પરિયોજનાઓમાં પોલો, પદમ ડુંગરી, કચ્છનું નાનુ રણ, થોળ, નળ સરોવર, ખીજડીયા, વાસદા, રતનમહલ, જેસોર અને જાંબુઘોડા, જ્યારે બીચ ટુરીઝમ-વોટર સ્પોર્ટસ માટે શીવરાજપુર, કચ્છ-માંડવી, અમહદપુર-માંડવી, માધાપુર, પોરબંદર, તિથલ દ્વારકા અને ઓખા જેવા પ્રવાસન સ્થળોને પણ સાંકળી લેવામાં આવશે.